### સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા

# ‘સ્વર્ણિમ ટોક’ વેબિનાર સિરીઝ અંતર્ગત ઓનલાઈન સેશન

ગાંધીનગર, તા.૩

વિવેક આનંદ ઓબેરોય જી એ જણાવ્યું હતું કે, ‘બે એવી કારકિર્દી છે કે જેમાં સફળ થવું ખુબ મુશ્કેલ છે, એક છે આઈએએસ (ઈન્ડિયન એડમિનિસ્ટ્રેટિવ સર્વિસ) અને પોલિટિક્સ. આ એક ખુબ ગર્વ ની બાબત છે કે માનનીય







મંત્રી સોમ પ્રકાશ જી એ ભૂતપૂર્વ આઈએએસ ઓફિસર તરીકે ખુબ ઉમદા કામગીરી નિભાવી હતી. આઈએએસ ઓફિસર દેશ ને કેવી રીતે ચલાવવો તે કાર્ય કરે છે અને રાજનેતા દેશ ને એક વિઝન આપે છે. બંનેનું એક વ્યક્તિ માં સંયોજન જોવા મળે એ એક અદભુત ઘટના છે.

આપણા વડાપ્રધાન નરેન્દ્ર મોદી જીના ‘આત્મનિર્ભર ભારત’ પહેલ ને સમર્ગ દેશ માં વેગવંતુ બનાવવા માટે વિદ્યાર્થીઓ કેવી રીતે પોતાના સ્ટાર્ટઅપ અને બિઝનેસને આગળ વધારી શકે તે અંગે ખુબ ઉપયોગી માહિતી મંત્રી શ્રી સોમ પ્રકાશ જી એ અને શ્રી વિવેક આનંદ ઓબેરોયે પોતાના પ્રવચનમાં વેબિનાર દ્વારા રજુ કરી હતી.

સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી દ્વારા ‘સ્વર્ણિમ ટોક’ વેબિનાર સિરીઝ અંતર્ગત આયોજિત આ ઓનલાઈન સેશન માં ૧૪,૯૦૦ થી વધુ પાર્ટિસિપન્ટસ એ ભાગ લીધો હતો, તેમાં મુખત્વે સ્ટાફ મેંબર્સ, હાલ ભણી રહેલા તેમ જ દેશ અને વિદેશો માં સ્થાયી થયેલા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, વાલીમિત્રોએ, શિક્ષણવિદોએ, કોર્પોરેટ જગત સાથે સંકળાયેલા લોકો ઉત્સાહભેર ઉપસ્થિત રહ્યા હતા.


વેબિનારની શરૂઆતમાં યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ રિષભ જૈન, વાઈસ પ્રેસિડેન્ટ આદિ જૈન, કો-ફાઉન્ડર શ્રી વિવેક આનંદ ઓબેરોય અને પ્રોવોસ્ટ ડો.કાર્તિક જૈન દ્વારા માનનીય મંત્રી શ્રી સોમ પ્રકાશ જી નું ઉષ્માભેર અને સન્માનપૂર્વક સ્વાગત કર્યું હતું.

સોમ પ્રકાશ જી એ વિદ્યાર્થીઓ ને જણાવ્યું હતું કે, આપ સૌ નસીબદાર છે કે આજે સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી માં અભ્યાસ કરી રહ્યા છો, જ્યાં ભણતર ની સાથે સાથે તેઓ ને સ્ટાર્ટઅપ અને બિઝનેસ કરવાનું ઉચ્ચત્તર શિક્ષણ, માર્ગદર્શન, જરૂરી તમામ સહાય અને પ્રેરણા મળી રહી છે.

મંત્રી એ જણાવ્યું હતું કે, ભારત દેશ માં સ્ટાર્ટઅપ સ્કીમ ૨૦૧૬માં નરેન્દ્રભાઈ મોદી દ્વારા લોન્ચ કરવામાં આવી હતી. ભારત એ યુવા પેઢીનો દેશ છે. આજના યુવાનો ને આપણા દેશ માં નોકરી ની મહત્તમ તકો મળે, વિવિધ ઉદ્યોગો વિકસે, વિશ્વ માં ભારત દેશ શ્રેષ્ઠ મેનિફેક્ચરિંગ હબ બને તે હેતુ સર ભારત સરકારે મેક ઈન ઈન્ડિયા અને સ્ટાર્ટઅપ ઈન્ડિયા ની શરૂઆત કરી છે. સ્ટાર્ટઅપ ઈન્ડિયા માં સરકાર ઈનોવેટિવ આઈડિયા ને બિઝનેસ તરીકે ડેવેલપ કરવા માટે અનેક પ્રકારની સહાય કરે છે. સ્ટાર્ટઅપ ઈન્ડિયા પહેલ અંતર્ગત, માપદંડો ને આધારિત લાભ મેળવવા પ્રાપ્ત કંપનીઓ ડીપીપીઆઈઆઈટી દ્વારા સ્ટાર્ટઅપ્સ તરીકે માન્યતા મેળવી શકે છે, જેથી ટેક્સ માં થી મુક્તિ ના લાભો, આઈપીઆર ફાસ્ટ-ટ્રેકિંગ, નાણાકીય સહાય, કાયદાકીય સહાય, નેટર્વકિંગ અને જરૂરી તમામ માર્ગદર્શન જેમાં બિઝનેસ કેવી રીતે ડેવેલોપ કરી શકાય તેનો સમાવેશ છે.

નેશનલ સ્ટાર્ટઅપ સ્કીમ દ્વારા સ્ટાર્ટઅપ ઈન્ડિયા ની વેબસાઈટ પર સંપૂર્ણ માહિતી ઉપલબ્ધ છે જેમાં લેબર લૉસ, એન્વાયરમેન્ટ લૉસ, કંપની લૉસ જેવી વિગેરે તમામ માહિતી નો સમાવેશ છે. ૧૦૦૦૦ હજાર કરોડ થી વધુ ભંડોળ આજે સ્ટાર્ટઅપ માટે ફાળવેલ છે તેનો મહત્તમ ઉપયોગ પોતાના સ્ટાર્ટસપ ને ડેવેલોપ કરવા માટે મંત્રી શ્રી એ વિદ્યાર્થીઓ ને અનુરોધ કર્યો હતો.

સોમ પ્રકાશ જી એ જણાવ્યું હતું કે, પરીક્ષા પે ચર્ચા જેવી ઈનિશિએટિવ નરેન્દ્રભાઈ મોદી એ કરી હતી જેમાં તેઓ વિદ્યાર્થીઓ જોડે સીધો સંવાદ સાધી ને તેઓ ને પરીક્ષા ના સમય માં સારું પરિણામ મળી શકે તે અંગે માર્ગદર્શન આપે છે.ઈઝ ઓફ ડુઈંગ થઈ બિઝનેસ - આનાથી મલ્ટીનેશનલ્સ કંપનીઓ ભારત માં આવીને નિવેશ કરી રહી છે, સિંગલ વિન્ડો ક્લિયરન્સ સિસ્ટમ થી અપ્રુવલ્સ ની પ્રોસેસ ઘણી ફાસ્ટ થઈ છે. આજે વિશ્વના




દેશો ભારત માં ઈન્વેસ્ટમેન્ટ કરવા અંગે ખુબ આતુર છે એનું મુખ્ય કારણ ભારત સરકાર ની સરળ ઉદ્યોગ પોલિસી, માળખાકીય તમામ સુવિધાઓ ની ઉપલબ્ધી કારણભૂત છે.

મંત્રી એ જણાવ્યું હતું કે, કોવીડ-૧૯ ના કપરા સમયમાં ભારત સરકાર ના સતત પ્રયત્નો થી જીવન જરૂરિયાત વસ્તુઓ ની અછત ના સર્જાય અને તેનો સપ્લાય અવિરત રહે તે શક્ય બન્યું છે. કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી મિનિસ્ટ્રી એ વિવિધ ઉદ્યોગો ના સંગઠન, સંસ્થાઓ જોડે સતત સંપર્ક માં રહીને ઉદ્યોગ વેપાર-ધંધા ને વેગ મળે તે અંગે કાર્યરત છે.

વોકલ ફોર લોકલ અંતર્ગત આપણા દેશ ની લોકલ બ્રાન્ડ ને આંતરરાષ્ટ્રીય સ્તર પર સફળતા મળે તે અંગે આપણે સૌ એ પ્રયત્ન કરવા અંગે મંત્રી એ અપીલ કરી હતી.

કાર્યક્રમ માં અંતે, સ્વર્ણિમ સ્ટાર્ટઅપ અને ઈનોવેશન યુનિવર્સિટી ના મેનેજમેન્ટ દ્વારા આભારવિધિ વ્યક્ત કરી હતી. મંત્રી શ્રી નો અંતઃકરણપૂર્વક સમર્ગ સ્વર્ણિમ પરિવાર તરફથી આભાર વ્યક્ત કર્યો હતો. શ્રી સોમ પ્રકાશ જી નું મંતવ્ય તમામ વિદ્યાર્થીઓ, વાલી મિત્રો અને સ્ટાફ માટે ખુબ પ્રેરણાત્મક અને ઊર્જાભેર રહ્યું હતું.

# સોફ્ટવેર ઈન્ડસ્ટ્રી - ‘માઈક્રો ફોક્સ’ના સહયોગથી ગણપત યુનિવર્સિટીમાં વેબીનાર યોજાયો

**‘કરન્ટ ટ્રેન્ડ્ઝ ઈન્ ટેકનલોજીસ, ફ્યુચર પરસ્પેક્ટિવસ્ એન્ડ બૅનિફિટ્સ ઓફ જોઈનીંગ સેન્ટર ઓફ એક્સલેન્સ એટ ગણપત યુનિવર્સિટી’ એવો સબજેક્ટ હતો વેબીનારનો**

ગણપત વિદ્યાનગર, તા. ૩

ગણપત યુનિવર્સિટીના સેન્ટર ફોર એક્સલેન્સ ફોર ટ્રેન્ડિંગ ટેકનોલોજી, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, મશીન લર્નિંગ એન્ડ ઈન્ટરનેટ ઓફ થિંગ્સ દ્વારા ગઈ તા. ૨૯મીના રોજ એક ઓનલાઈન વેબીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો કેન્દ્રવર્તી વિચાર હતો - ‘માઈક્રો ફોક્સ યુનિવર્સિટી પ્રોગ્રામ.’

આજકાલના કોરોનાગ્રસ્ત સમયમાં વિદ્યાર્થીઓની સતત શીખવાની પ્રક્રિયા અટકે નહીં એ માટે ગણપત યુનિવર્સિટી દ્વારા વિવિધ વિદ્યાશાખાના વિદ્યાર્થીઓ, પ્રાધ્યાપકો, અભ્યાસુઓ અને સંશોધકો માટે મહત્ત્વના વિષયો ઉપર વેબીનારનું થોડા થોડા સમયાંતરે થયા જ કરે છે.




ઉદ્યોગ ક્ષેત્રે અને ટેકનોલોજીમાં થતા રહેલા વિકાસથી વિદ્યાર્થીઓ જ્ઞાત રહે એ માટે ગણપત યુનિવર્સિટી દ્વારા ‘સેન્ટર ફોર એક્સલેન્સ’ની સ્થાપના કરવામાં આવી છે, જેણે વિશ્વની સાતમી સૌથી મોટી સોફ્ટવેર ઈન્ડસ્ટ્રી ‘માઈક્રો ફોક્સ’ સાથે સહયોગ સાધ્યો છે. આ પ્રકલ્પને ગણપત યુનિવર્સિટીના પ્રો. ચાન્સેલર, પ્રો. ડૉ. મહેન્દ્ર શર્માજીની સક્ષમ લીડરશીપનો લાભ મળી રહ્યો છે.

૩૦૦ કરતાંયે વધારે વિદ્યાર્થીઓ અને પ્રાધ્યાપકોએ આ વેબીનાર એટેન્ડ કર્યો હતો.

માઈક્રો ફોક્સ યુનિવર્સિટી અને તેની શૈક્ષણિક પ્રવૃત્તિઓ અને સેન્ટર ફોર એક્સલેન્સ સંબંધી કાર્યોની જાણકારી વિદ્યાર્થીઓને મળે તે હેતુથી આ વેબીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. માઈક્રો ફોક્સ યુનિવર્સિટીના વિવિધ અભ્યાસક્રમો દ્વારા કેવી કેવી કેરિયર અને જોબ ઓપોર્ચ્યુનિટીઝ સુલભ બને છે તે પણ આ વેબીનાર દ્વારા વિદ્યાર્થીઓને જાણવા -શીખવા મળ્યું હતું.

માઈક્રો ફોકસ ઈન્ડિયાની પ્રોફેશનલ સર્વિસિસના ડારેક્ટર મિ. શ્રીરામ રાજગોપાલન આ વેબીનારના એક અગ્રણી વ્યાખ્યાતા હતા. માઈક્રો ફોક્સના કંટ્રૂ મેનેજર મંગલમ્ સિંઘાનિયાએ પણ વેબીનારમાં ઉપસ્થિત રહી સૌને સંબોધન કરી મહત્ત્વનું માર્ગદર્શન પૂરું પાડ્યં હતું. તો ટ્રાન્સ ન્યૂરોન ટેકનોલોજીસ્ પ્રા. લિ.ના ઉદય શંકરે પણ એક નિષ્ણાંત તરીકે વેબીનારમાં સહભાગિતા નોંધાવી હતી.

આ સૌ મહાનુભાવોએ સેન્ટર ફોર એક્સલેન્સના નેજા હેઠળ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપતા સમજાવ્યું હતું કે ‘માઈક્રો ફોક્સ સોફ્ટવેર યુનિવર્સિટી’ દ્વારા ઓફર થતા વિવિધ કોર્સિસના શા શા ફાયદા ઓ છે. કેવો કોર્શિષનું કેવું માળખું છે અને કેવી રીતે કેરિઅર્સ ઓપોર્ચ્યુનિટીઝ મળી શકે છે.


ગણપત યુનિવર્સિટીના પ્રો. ચાન્સેલર અને ડાયરેક્ટર જનરલ પ્રો. ડો. મહેન્દ્ર શ્રમાએ હાયર એજ્યુકેશન સ્તરે સેન્ટર ફોર એક્સલેન્સની રચનામાં શું ફાયદાઓ થાય છે. તેના વિષે વેબીનારમાં વાત કરી હતી. યુનિ.ના ફેકલ્ટી ઓફ એન્જી. ના એક્ઝી. ડીન પ્રો. ડો કિરણ અમીને વેબીનારને મોડરેટ કર્યો હતો. તો પ્રો. મનન ઠક્કરે વેબીનાર કો. ઓર્ડિનેટ કર્યો હતો.

# બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય દ્વારા IEEE સ્ટુડન્ટ બ્રાન્ચ અંતર્ગત વર્ચ્યુઅલ વોક અરાઉન્ડ કેમ્પસ રેડિયો સ્ટેશન યોજાયો

ગાંધીનગર, તા.૩

ચારુતર વિદ્યામંડળ સંચાલિત બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલયની IEEE સ્ટુડન્ટ બ્રાન્ચ અંતર્ગત તા.૦૨/૦૬/૨૦૨૦ના રોજ વર્ચ્યુઅલ વૉક અરાઉન્ડ કેમ્પસ રેડિયો સ્ટેશન યોજાયો.જેમાં એક્સપર્ટ તરીકે પ્રોફેસર પરેશ પટેલ (ઈલેક્ટ્રોનિક્સ ડિપાર્ટમેન્ટ,સરદાર પટેલ યુનિવર્સીટી) ઉપસ્થિત રહ્યા હતા.તેમણે કોમ્યુનિટી રેડિયો સ્ટેશન કેમ્પસ રેડિયો 90.4 FM વિષે જણાવ્યું હતું કે સરદાર પટેલ યુનિવર્સીટી તથા ભારત સરકાર ના સંયુક્ત પ્રયાસથી સ્ટુડન્ટ કોમ્યુનિટીના ડેવલપમેન્ટ તથા વેલ્ફેર માટે કેમ્પસ રેડિયો ની સ્થાપના કરવામાં આવી હતી.વર્તમાન સમય માં પણ કોમ્યુનિટી ને ઉપયોગી એવા શિક્ષણ, આરોગ્ય તથા આર્ટ ને લાગતા પ્રોગ્રામો કેમ્પસ રેડિયો થી ઓન એર કરવામાં આવે છે.તેમણે સાઉન્ડ પ્રુફ સ્ટેટ ઓફ આર્ટ સ્ટુડિયો માં ઓડિયો રેર્કોડિંગ,૩૨ ચેનલ ધરાવતું ઓડીઓ મિક્ષર,સ્પેશિઅલ ઈફેક્ટ્સ તથા એડિટિંગ માટે ઓડિયો સોફ્ટવેર,એમ્પ્લીફાયર્સ ,હાઈ પાવર રેડિયો ટ્રાન્સમીટર,ઓમની ડાયરેક્શનલ એન્ટના ફોર બ્રોડકાસ્ટિંગ વિષે રસપ્રદ માહતી આપી હતી.

સંસ્થાના પ્રિન્સિપાલ ડૉ.ઈન્દ્‌જીત એન.પટેલે જણાવ્યું હતું કે covid-19 લોકડાઉન માં ઈન્ડસ્ટ્રીઅલ વિઝીટ ના ભાગરૂપે વિદ્યાર્થીઓ પોતાના ઘરે થી વર્ચ્યુઅલ વિઝીટ દ્વારા ઈલેક્ટ્રોનિક્સ એન્ડ કોમ્યુનિકેશનની રીઅલ ટાઈમ એપ્લિકેશન વિષે નોલેજ મેળવી




શકે તેને કેન્દ્રમાં રાખીને એ પ્રકારનો નવીનતમ અભિગમ સરાહનીય છે. ઈલેક્ટ્રોનિક્સ એન્ડ કોમ્યુનિકેશન એન્જી.ના વિભાગીય વડા ડૉ.ભાર્ગવ ગોરડિયા એ ઉપરોક્ત એક્સપર્ટનો પરિચય આપ્યો હતો તથા IEEE સ્ટુડન્ટ બ્રાન્ચને અભિનંદન પાઠવ્યા હતા. IEEE સ્ટુડન્ટ બ્રાન્ચના કાઉન્સિલર ડૉ.દર્શન દલવાડી એ જણાવ્યું હતું કે ઉપરોક્ત વર્ચ્યુઅલ વિઝીટનો મૂળભૂત ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને રીઅલ ટાઈમ સિગ્નલ જનરેશન થી લઈને પ્રોસેસિંગ,ટ્રાન્સમિશન વિષે માહિતગાર કરવાનો હતો.અંતે ઈવેન્ટ કોર્ડીનેટર પ્રો.મયુર એમ.સેવકે સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

ઉપરોક્ત ઈવેન્ટમાં ૩૫૦ થી વધારે વિદ્યાર્થીઓ તથા અધ્યાપકો એ ભાગ લીધો હતો તથા IEEE BVM SB યુ ટ્યુબ ચેનલ પર ૪૬૫થી વધારે વ્યૂઅર્સએ પ્રોગ્રામ ને નિહાળ્યો હતો.વર્ચ્યુઅલ વૉક ને સફળ બનાવવા માટે કેમ્પસ રેડિયો 90.4 FM ના ટેક્નિકલ સ્ટાફ સમીર ભટ્ટ,પંકજ પટેલ તથાના વિદ્યાર્થીઓ ઈબ્રાહિમ, જૈમિન સિમ્પી, હર્ષ તથા વત્સલે ઉત્સાહપૂર્વક કામગીરી હાથ ધરી હતી.ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ એન્જીનીયર ભીખુભાઈ પટેલ તથા અન્ય હોદ્દેદારો એ શુભેચ્છા વ્યક્ત કરી હતી.



હિસાબ અને તિજોરી ખાતાના પેનશનર્સ એસોસિએશન દ્વારા રાજ્ય સરકારની કોરોના વાયરસની લડતમાં સહભાગી થવાના હેતુસર ફાળા તરીકે કુલ રૂ.૧,૯૩,૫૦૧/-ની રકમ તથા ખાતાના રાજ્ય પત્રિત અધિકારીઓ દ્વારા કુલ રૂ.૩,૯૩,૦૦૦/- ની રકમ એકત્ર કરવામાં આવ્યા હતી. પૈકી રૂ.૫૧૦૦૦/- પૂર્વ નિયામક, પેનશન આર.એમ.મહેતા તથા રૂ.૩૧,૦૦૦/- પૂર્વ નિયામકશ્રી તિજોરીઓ શ્રી એચ. બી.ઠક્કર દ્વારા આપવામાં આવેલ હતી.ફાળાની રકમ ના ચેક અર્પણ કરવા માટે ગુજરાત રાજ્ય ના માનનીય નાયબ મુખ્ય મંત્રી નીતિનભાઈ પટેલ ની તા.૦૧.૦૬.૨૦૨૦ના રોજ રૂબરૂ મુલાકાત લેવામાં આવેલ હતી. ફાળાની રકમ એકત્ર કરવા માટે મંડળના પ્રમુખ બી. એમ. દવે, મહા મંત્રી ગિરીશ ભાવસાર, ભરત ચૌહાણ ભરત સોની તથા બી.જે.શાહ એ પ્રશંસનીય કામગીરી બજાવેલ હતી.



કોરોનાના કહેર વચ્ચે અનલોક-૧ શરૂ થઈ ગયું છે. મોસમ પણ મિજાજ બદલી રહ્યો છે. સાથે વ્રત અને પૂજાપાઠ ના દિવસ શરૂ થઈ ગયા છે. વડ સાવિત્રીના વ્રત શરૂ થતાં બજારોમાં પુજાપાની સામગ્રી નજરે પડી રહી છે.


**ડાયરેક્ટ દિલ સે**

જિંદગી માં... સમયથી વધારે કોઈ પોતાનું અને પારકું નથી હોતું...

## જન્મદિને વધામણી



**સંદિપ પ્રવિણચંદ્ર જોષી**
ગુજરાત સમાચાર
મો. ૯૪૨૬૫ ૦૪૫૫૨



**મહેશભાઈ ભોજક**
મો. ૯૮૭૯૫ ૬૨૯૦૫



**હીરરાજ દેવેન્દ્રકુમાર પરમાર**



**મોહંમદઝહીર સલીમભાઈ તેલી**
મો. ૭૮૭૮૧ ૪૨૩૪૬

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# ધ અર્થિંગ ગ્રુપ દ્વારા વર્કશોપનું આયોજન

એક લેખક, વિચાર રૂપી બીજને જયારે પોતાના અનુભવ, કલ્પના, અને લેખન કળા થી સીંચે છેં ત્યારે તે એક ઘટાદાર વૃક્ષ રૂપે સ્ટોરી બને છેં જે અનેકો લોકો ને પ્રેરણા રૂપ શીતળ છાંયો ને ફળ બન્ને આપે છેં.

અત્યારના સમયમાં જોવા જઈએ તો અલગ અલગ ઓનલાઈન માધ્યમ થી કઈ પણ લખાણ (content ) બનાવી ને પ્રચલિત થવાના પ્રયત્નો કરતા જોવા મળે છેં.ત્યારે સંસ્થાના ફાઉન્ડર પ્રફુલ પંચાલ અને ટિમ દ્વારા એક વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું કે જેમાં સમાજ ને એક સારૂ લખાણ અને લેખક બંને મળી શકે. અને આજની જનરેશન માં પણ લખવાની વૃત્તિ કેળવાય. તે માટે "THE EARTHING GROUP" લઈને આવ્યું ‘ONLINE WRITING WORKSHOP’. આ વર્કશોપ માં ૫૪ જેટલા લોકો એ ભાગ લીધો હતો. પ્રથમ દિવસે સંસ્થાના ફાઉન્ડર પ્રફુલ પંચાલ દ્વારા તમામ પાર્ટિસિપન્ટ ને એક ફોટો પરથી સ્ટોરી લખવાનો ટાસ્ક આપવામાં આવ્યો,તેમાં બધાજ પાર્ટિસિપન્ટ ખુબજ ઉત્સાહ થી જોડાઈ એકસાથે ૫૩ અલગ અલગ સ્ટોરીનું નિર્માણ કર્યુ. જેમાં વિદ્યાર્થીઓ એ આકાશ, અખંડ પ્રેમ, આનંદ, એક જીવન,અર્ક, એન ઈવનિંગ ઈન કાફે બિસ્તરો....,રંગારંગ, જન્મદિવસ,તસવીર વગેરે જેવા શીર્ષક સાથે સ્ટોરી લખી.

આ વર્કશોપમાં અક્ષત દરજી ના સહયોગ થી લગભગ ત્રણ દાયકા જેટલાં સમય થી લેખન કલાના ક્ષેત્ર માં પોતાની સેવા આપતાં, અને સાથે પોતાના લખાણ થી લોકો ને









મંત્રમુગ્ધ કરી આપતાં એક અદભુત લેખક, જેમને નવી મહાભારત સીરીયલ લખી છેં, એવા લેખક ‘મિહિર ભુતા’ મુંબઈ થી ઓનલાઈન માધ્યમ દ્વારા રાઈટિંગ વૉર્કશોપમાં જોડાયા.

વિદ્યાર્થીઓને પોતાની લેખન કલા અને આટલા વર્ષના લેખન અનુભવ ના નિચોડ રૂપ, લખવાં માટે ઘણી બધી વાતો સમજાવી. જેમકે એક સ્ટોરી માં કોન્ફ્લિકટ, તમારી કલ્પના શક્તિ, લોકો નું સ્ટોરી જોવા સમજવાનું મધ્યવર્તીબિંદુ, ક્યુરિયોસિટી, લોકો ને સમજાય તેવું લખાણ જેવી બાબત કહી. એક કેરેક્ટર માટે લખવા માટે સ્પિરિચ્યુઅલ, સાઈકોલોજિકલ, ઈમોશનલ લેવલ જેવા મહત્વ ના મુદ્દાઓ ધ્યાન માં રાખવાની વાત કરી.તમારી સ્ટોરી જોનારના ઈમોશન્સ ને ઉત્તેજીત કરે તેવી રીતે લખાયેલી હોવી જોઈએ . આ સાથે લેખન કળા ને ૬ અંગ માં વિભાજીત કરી સમજાવ્યા જેમાં તમારી સ્ટોરી નું રૂપ,ભેદ, પ્રમાણ, ભાવ, લાવણ્ય અને યોજના જેવા મહત્વ ના પાશા સમજાવ્યા. આ સાથે મોનોલોગ લખવાની પદ્ધત્તિ શીખવી.મોનોલોગ જોઈ ને પર્ફોર્મ કરવું સહેલું લાગે પણ જાતે મોનોલોગ લખી અને એ પર્ફોર્મ કરવાથી જે આનંદ આવે તે સમજાવતી ‘મોનોલોગ લેખન સ્પર્ધાનું’ આયોજન પણ કરવામાં આવ્યું. ત્રીજા અને અંતિમ દિવસે મિહિર ભુતા સર ફરી વખત જોડાયા અને આ તમામ મોનોલોગ લેખન માંથી ‘બેસ્ટ રાઈટર ઓફ મોનોલોગ’ નું બિરુદ ઉન્નતિ પંડ્યા ને ‘મારે શું?’ મોનોલોગ લખવાં માટે આપવામાં આવ્યું. અને ‘બેસ્ટ સ્ટોરી રાઈટર’નું બિરુદ વિધિ મહેતાને ‘ફ્રીડમ’ સ્ટોરી લખવાં માટે આપવામાં આવ્યું. આ સાથે બધાજ વિદ્યાર્થીઓ એ ખુબ સરસ રીતે આ વર્કશોપ પૂર્ણ કર્યો.

આ વર્કશોપમાં સંસ્થા ના કો- ફાઉન્ડર ચિરાગ પારેખ ટિમ મેમ્બર અક્ષત દરજી, દીપ પંચાલ, શિવમ જાની, મૈત્રી દવે, નીતિન ધનકાની, પરિધિ શેલત આચાર્ય, વત્સલ વ્યાસ અને ચિરાગ દેશાણી એ સહયોગ આપ્યો. વિદ્યાર્થીઓ એ પણ THE EARTHING GROUP અને સમગ્ર ટિમ નો આભાર માન્યો. અને આ પ્રકાર ના વર્કશોપ હજુ પણ આયોજિત કરો તો અમે ફરી જોડાઈસુ એવી તીવ્ર ઈચ્છા વ્યક્ત કરી રહ્યા છેં.